રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હું વાદનો નહિ, સંવાદનો માણસ
એટલે તો રહ્યો હું યાદનો માણસ
એ હદે તમે નહિ ભીંજવી શકો
હું સતત રહ્યો વરસાદનો માણસ
ભીડમાં પણ ભીડાયેલો છું સતત
છતાં હું છું કોઈ એકાદનો માણસ
ઉગતા સૂરજે મને નહિ આંકી શકો.
હું રહ્યો ફક્ત સમી સાંજનો માણસ.
તારી વાતો ભલે હોય ગઝલ જેવી
હું પણ રહ્યો છું અનુવાદનો માણસ.

કિશોર વાઘ.

પાથેય

નિકળ્યો કિંતુ નામનો માણસ...

સીધેસીધો ચાલે એ માણસ નહીં..સીધા રસ્તાને પોતાની વાંકી ચાલતી એ અટપટો બનાવી નાખે છે..એવું કહેવાય છે કે જગતમાં સૌથી રહસ્યમય પ્રદેશ જો કોઈ હોય તો એ માણસનું મન છે..એનો તાગ મેળવવો ખરેખર દુષ્કર હોય છે..આપણે જેને જે રીતે વરસોથી ઓળખતા હોઈએ અને એ રીતે ધારણા બાંધી આજીવન એની સાથે વ્યવહાર કરતા રહીએ..અને એ જ વ્યકિત જયારે આપણી ધારણા કરતાં તદ્દન વિરૂદ્ધ કામ કરે ત્યારે આપણને આશ્ચર્ય થતું હોય છે..સાંભળ્યું'તું કે છે કામનો માણસ..નિકળ્યો કિંતુ નામનો માણસ..! એટલે જ ડાહયા માણસોએ કહયું છે કે કોઈપણ માણસ એની જિંદગીનો આખરી શ્વાસ ભરી ના લે ત્યાં સુધી એના વિશે છાતી ઠોકીને કશું જ કહેવું નહી ! ગમે ત્યાં સગપણ શોધે..ગામને ભુલી જાય અને ગરજ પડે ત્યારે એ જ ગામ સાથેનો અનુરાગ શોધી નાખે..પોતાની જાતને ઓળખ્યા વગર જ અન્યની જાતનો હવાલો નાખે..કવિ કહે છે એમ કવિતામાં પણ જાતપાત શોધી નાખે !

વિરોધાભાસોનો વંટોળ એટલે જ માણસ.એ જરૂર ના પડે તો પણ જૂની વાતો ને વચ્ચે લાવે..પોતાના માનેલા માપદંડો માટે પરાણે પુરાવા ઉભા કરે..પોતાનો જ કકકો ખરો અને બાકીના બધાની આખી બારાખડી ખોટી એવું પુરવાર કરવાનો પ્રયત્ન પણ કરતો રહે..આપણને ઘણીવખત એવો પ્રશ્ન પણ થાય કે એ કેમ આવું કરતો હશે ? આપણી સામે ઈતિહાસ હોય છે આપણા અનુભવો પણ હોય છે આમછતાં એમાંથી પણ કશું જ બોધપાઠ ના લેતા આપણે કારણવગર કલુષિતતાને પુરસ્કારતા રહીએ છીએ..સત્યને ઢાંકવાના લાખ પ્રયાસો કરી માણસ અંધકારનો જયજયકાર કરવા માગતો હોય છે..એ રીતે એ સુંદર પ્રભાતને પણ કાલિમાથી ભરી નાખવાનો પ્રયાસ કરે છે..જગતમાં જરા સરખો પણ ઉજાસ જો આપી શકાય તો એવા આછા અજવાળાથી પ્રગટતું પરોઢ પણ સારૂં કહી શકાય..

વાતવાતમાં પોતાની સંપત્તિ કે મોભાને વચ્ચે લાવી આપણે સીધાસાદા જીવનની સરસ કેડીને વિકટ મારગ બનાવી નાખીએ છીએ..આપણે કોઈના પ્રત્યે સદભાવથી વર્તી શકતા નથી ..એટલે જ કારણવગર કોઈકને ટપારવાની ટેવ ઘણાને હોય છે...એમાં સહદયતા ઓછી અને પારકી ચિંતા વધુ હોય છે..જાણેઅજાણે આપણો વડિલભાવ કોઈકને ડંખતો રહે છે..એની પાછળ અન્યના આંતરજગતને ઉખેળવાની ઉત્સુકતા જ બળવત્તર હોય છે..વ્યકિતની સારી બાબતો ગમેતેટલી હોય આપણે એનું અભિવાદન સહજપણે કરતા નથી પરંતુ એકાદ સ્ખલન થકી કોઈને પણ અડફેટે લેવામાં એક છુપો આનંદ સહુ કોઈની નબળાઈ હોઈ શકે..આરપાર સગપણો શોધતો માણસ જાતને શોધવામાં પાછો પડતો રહે છે.આવા લોકોને માટે સંયમમાં રહેવાની વાત એક સંવેદના સાથે કવિ કરે ત્યારે એમાં ભારોભાર વેદના છલકાય છે.

કોઈકની વિફળતા પછી વિસ્મય દાખવતા લોકો કયારેય સાચા સહદયી હોતા નથી...અન્યને અકળાવે એવા શાબ્દિક સજાવટના ગુચ્છ હંમેશાં તુચ્છ માનસિકતાના પરિચાયક જેવા હોઈ શકે..

કોઈકની તકલાદી મિલનસાર વાણી કે શુષ્ક ટપારવાની તાલાવેલી કોઈ રીતે ઉપકારક નથી..એમાં ઉપહાસ તો હોય જ, પણ જીવનસમજણનો પ્રયાસ નથી હોતો...એટલે જ જગત ના આવા 'દિલેર'લોકો વિશે કહેવાયું છે કે..; 'ટોળે વળે છે કોઈકની દીવાનગી ઊપર, દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે!'

આ ચોમાસે પલળશો કે ભીંજાશો ...?!!

' સાવન કા મહિના આયા હૈ, ઘટા સે બરસા હૈ પાની ' હોય કે પછી ' ટીપ ટીપ બરસા પાની ' હોય કે પછી ' આજ રપટ જાયે તો હમે ના બચઈયો ' હોય કે પછી..' બરસાત મે હમ સે મિલે તુમ સજન તુમ સે મિલે હમ 'હોય કે " આકળવિકળ આંખ કાન વરસાદ ભીંજવે, હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે.... અહીં આપણે બે અને વરસાદ ભીંજવે મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે..... થરથર ભીંજે આંખ કાન, વરસાદ ભીંજવે, કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે...." હોય કે હોય બશીર બદ્ર સાહેબનો આ શેર ': મુહબ્બત ગમ કી બારીશ હૈ જમી સર-સબજ હોતી હૈ, બહુત સે ફૂલ ખીલતે હૈ જહાં બાદલ બરસતા હૈ ".. સરવાળે વાત વરસાદ.. ચોમાસું.. માદક મોસમની જ થવાની. ' મારુ ચોમાસું આસપાસ છે ' ની જેમ હું ને તમે ઉત્સુક નજરે ચોમાસાની રાહ જોઈ રહ્યા છીએ. હા, હમણાં બિપરજોય ની આડઅસર રૂપે સૌરાષ્ટ્ર ને ઉત્તર ગુજરાતનાં ઘણા ભાગોમાં વરસાદની રેલમછેલ થઈ ગઈ પણ તોયે ચોમાસું ઇ ચોમાસું.. ને ચોમાસાનો વરસાદ ઇ ચોમાસાનો વરસાદ..!!! એની તોલે વાવાઝોડાના પ્રતાપે આવતા આવા અઇકચરા કે અણધાર્યા વરસાદનું કાઇ જ ના આવે..!!! શું કિયો છો ?

ભારત કૃષિપ્રધાન દેશ છે છે એવું હું ને તમે ભણવામાં કંઠસ્થ કરતાં, ને વાત સાચી પણ છે જ ને. પણ આ કૃષિપ્રધાન દેશનું અને એની કૃષિનું કિસ્મત છે વરસાદના હાથમાં.. ચોમાસાના હાથમાં..!!!! જો ઇ રૂડું તો એ ને કૃષિ ખીલી ઉઠે ને સાથે સાથે ખીલી ઉઠે કિસાનપુત્રોના ચહેરાઓ.. ધરતીપુત્રોના ચેહરાઓ..!!! પણ બળ્યું આ ગ્લોબલ વોર્મિંગ ચાની કી દુનિયાભરની ગરમીના પાપે હવે ચોમાસું કેલેન્ડર મુજબ ક્યા આવે છે ? ને આવે પણ છે તો ક્યા તો ધોધમાર ને ક્યા તો છાંટાંપાણી..!!!! વરસાદ પણ હવે મનમોજી થતો જાય છે. એને પણ હવે વાટ જોવરાવાની ટેવ પડતી જાય છે. જો કે હજુ તો ચોમાસાના પગરવ સંભળાય છે ત્યાં જ આવી વાત કરવી અસ્થાને છે પણ આ હકીકત છે. ઇન જનરલ ટર્મ્સ જો વાત કરો તો ચોમાસાના દિવસોમાં દર વર્ષે થોડો થોડો ઘટાડો થતો જાય છે. વરસાદના વૈશ્વિક આંકડાઓ કહે છે કે વરસાદની પેટર્ન અને એના આગમનના સમયમાં બહુ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ભારતની જ વાત કરીએ તો પહેલા ચાર મહિના ગણાતું ચોમાસું હવે એકાદ મહિના જેટલા સમયમાં સમેટાઇ ગયું છે અને એ જ રીતે એના આગમનના ચોક્કસ સમયમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. માનવજીવનના હોવાપણા માટે ચોમાસાનું સમયે અને સાંગોપાંગ હોવું બહુ જરૂરી છે પણ ગ્લોબલ વોર્મિંગના આ કપરા કાળમાં એ ઓછું તો થતું જ જાય છે. લકીલી વરસાદની તીવ્રતામાં કે એના જથ્થામાં બહુ ઘટાડો નથી જોવા મળ્યો. ઓછા દિવસો હોવા છતાં પણ જળબંબાકાર કરવાની એની ફિદરત હજુ એમ ને એમ છે એ સારી વાત છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં શેકાયા પછી પશુ – પક્ષી અને માનવો આકાશ સામે જોઈને ' કાલે મેઘા કાલે મેઘા પાની તો બરસાઓ ' ગાતા હોય ને 'ઘનન ઘનન ગીર ગીર આઈ બરખા' થાય એનો તો આનંદ જ કોઈ ઓર છે..!!!

ટૂંકી ચડીઓ પહેરીને વરસતા વરસાદમાં ગામની શેરીના આ છેડેથી પેલા છેડા સુધી ધોધમાર વરસતા વરસાદમાં આંખ પણ ના ખૂલતી હોય એવી રીતે દોડવાની મજા બચપણ સાથે ગઈ પણ હજુયે ઓફિસેથી કે કામ ધંધેથી આવતા હોય ને જો વરસાદ ચાલુ થયો તો દોડીને સલામત સ્થળે ઊભા રહી જવા જેવી મજબૂરી ત્યાગીને પણ વરસાદની ધારાઓમાં નહાવાનું મન થાય છે કે નહીં ? ' તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે, અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે. ' ખલીલ ધનતેજવી સાહેબનો આ શેર ગણગણવાનું મન થાય કે નહીં ? થાય જ..!!! જો કે ઘણા આવા વરસાદમાં પણ કોરા રહી જતાં હોય છે. આ ' કોરા ' શબ્દ બહુ ગહન છે. ઘણાને વરસાદ કઠતો હોય છે.. ' આ મૂઓ અત્યારે ક્યા આવ્યો ? ' આવી બદદુઆની વરસાદ પર તો કાઇ અસર નથી થતી પણ કુદરતે સર્જેલી અને ૬-૮ મહિને આવતી વરસાદની આ અદભુત લીલા અને એના સાક્ષાત્કારનો લ્હાવો આવા ' વરસાદી ઉહુ ઉહુ કરતાં દેડકાઓ ' ચૂકી જાય છે. કદાચ આવા લોકો માટે જ કવિ કૃષ્ણ દવેએ લખ્યું છે કે " છેવટ કંટાળી મેં વાદળાંને કીધું કે વરસ્યા વિનાના શું જાવ છો !, વાદળ કહે કે ભાઈ વરસી તો પડીએ પણ આપશ્રી ક્યાં કોઈદી ભીંજાવ છો ? "

આ ભીંજાવું અને પલળવું એ બંનેમાં પાછો બહુ મોટો ફરક હો..!!!! ઘણા મંદિરે જઈને પણ દર્શન કર્યા વગર પાછા આવે એના જેવુ જ. હોય ઘણાએ એવા પણ હોય કે જેને મન આવી મસ્ત વરસાદી મોસમ એ બીજું કાઇ નહીં પણ એના રૂટિનને ખેદાનમેદાન કરતો દુશ્મન લાગે. કઠોરમાં દિલવાળા પણ આવી મદહોશ.. ઇશ્કી.. માદક મોસંમના પ્રભાવમાં આવી જતાં હોય છે એવા વાતાવરણમાં પણ ' કપડાં પલાળી મૂક્યા..'..' કીચડ કીચડ કરી મુકયો '.. કે પછી '.. હવે આમાં બહાર કેમ નું જાવું ? '.. જેવા પ્રશ્નો ફેંકતા લોકો માટે જ કદાચ વન એન્ડ ઓન્લી ર. પા. શેઠ ઉર્ફે રમેશ પારેખે લખેલું કે " આજ વરસાદ નથી એમ ના કહેવાય, એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.'..!!! આવી જ વાત કવિ મિલિન્દ ગઢવીએ કરી છે કે ' બારીની જેમ બંધ છું, જડબેસલાક છું, પલળી રહેલ ગામમાં કોરોકટાક છું '..!!! ઉહુ આપણાથી વરસાદમાં ના ભીંજાવાય કહેનારા કે આવા મસ્ત ભરપૂર વરસાદમાં પણ ભીના ના થઈ શકતા કે છતે વરસાદે કોરાકટાક રહી જતાં લોકો એ ભૂલી જાય છે કે વરસાદની બુંદોનું શરીર પર પડવું એ એક પ્રકારના ઈશ્વરીય મિલન જેવુ છે. કૃત્રિમ વરસાદ જેવુ વચમાં નીકળેલું – કદાચ હજુ પણ હશે. ઠીક છે વરસાદથી વંચિત માટે આ વૈજ્ઞાનિક અભિગમ ફાયદાકારક હશે પણ કાળાડિબાંગ આકાશમાંથી અનરાધાર વરસતા મેહને કોઈ ના પહોંચે. જેના ગડગડાટથી પહાડો પણ કંપી ઉઠે એવો વાદળોના ગડગડાટ અને વીજળીના આંખ આંજી દેતા ચમકારાઓ અને ઠંડા પવનના સૂસવાટાઓ સાથે અનરાધાર અને કોઈ દિશામાં કશુંજ દેખાય નહીં એવી તીવ્રતાથી તૂટી પડતો વરસાદ.. એ છે ચોમાસાની સાચી ઓળખ..!!

ચોમાસું લગભગ લગભગ આવી પહોંચ્યું છે. અંબાલાલથી લઈને હવામાનખાતું પણ ધોધમારની આગાહીઓ કરી ચૂક્યું છે. બસ આ આગાહીઓ સાચી પડે ને મસ્ત મજાની વરસાદી મોસમ કોઈના માટે રોમેન્ટિક બને.. કોઈના માટે જીવનનો આધાર બને તો કોઈના માટે કુદરતનો કરિશ્મા બને એ દિવસો નજીક આવી પહોંચ્યા છે એવામાં હરીન્દ્ર દવેના શબ્દોમાં ' ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ, ઝાંઝવાં હો કે હો દરિયાવ, તરસતાં જઈએ. ' જેવી ફિલિંગ હોવી જોઈએ અનરાધારમાં..!! કે પછી રાષ્ટ્રીય શાયર મેઘાણીના શબ્દોમાં મોર મન બનીને થનગનાટ કરવું જોઈએ. અગેન રમેશ પારેખના આ બળકટ શબ્દો મુજબ ' પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે, નેવાં નીચે ભડભડ બળતો જીવ પલળવા મેલો રે વરસાદ ભીંજવે ' ચોમાસું માણવાની ચીજ છે – ઋતુ છે – સમય છે. શાવર નીચે ભીંજાવું એ ચોમાસું નથી.. ખાબોચિયાથી બીવું એ ચોમાસું નથી.. છત્રીના કાગડો થવાની બીક રાખવી એ ચોમાસું નથી.. કપડાં પલળે એની બીક રાખવા કરતાં એની અંદર છુપાયેલો આત્મા પલળે એ અગત્યનું છે.. અને એ જ છે ચોમાસું..!!! બાકી તો મનોજ ખંડેરિયાના શબ્દોમાં ' જાત છત્રીથી ઢાંકી ફરતા સહુ, હું કરું કોને પેશ ચોમાસું, ખોલીને મેઘદૂત વાંચ્યા કર, હાથવગું છે હમેશ ચોમાસું '..!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

- akurjt@gmail.com

નાસભાગનો વ્યવહાર ...

જ્યાં સોસાયટીના લોકોને મઝા આવી રહી છે, ત્યાં નટુને મુંઝવણ થઈ રહી છે. આવી રીતે મઝાની અસમાનતા અનેક પ્રકારના કુતર્કો સર્જાતા હોય છે. નાથાલાલને નોન-આલ્કોહોલિક લથડિયાં આવતાં હોય એમ લાગે છે, આ લથડિયાં માનસિક વધારે હતા. એમના મગજમાં જન્મ લેતું લથડિયું પગ સુધી પહોંચી શકતું નહીં, પહોંચે એ પહેલાં તો એ એકાદ ગાળ બોલતા અથવા નટુને બોલાવતા. ગઈકાલે ફાધર્સ ડેના દિવસે એમણે નટુને બોલાવ્યો, પરચો નહોતો બતાવવો પણ પરચી પકડાવવી હતી. એક અડધું બગાસું ખાધું અને પછી અડધા બગાસા જેવો પ્રશ્ન નટુ તરફ નાંખ્યો; "અલ્યા ! તને ખબર છે આજે ફાધર્સ ડે છે ?.. ". નટુ ખુબ વિચિત્ર રીતે હસવા લાગ્યો. એણે કહ્યું, ' ફાધર્સ ડેની ખબર ફાધરને હોવી જોઈએપ.!!' નટુનો કળિયુગી જવાબ સાંભળી નાથાલાલે નૈસર્ગિક પ્રશ્ન કર્યો, " એક વાત સમજ કે વૃક્ષ ડેની ખબર વૃક્ષને હોય એ જરૂરી નથીપપ્રશ્ન માહિતીનો નથી, પ્રશ્ન જવાબદારીનો છે. હવે થોડા દિવસ પછી તું પતિનો હોદ્દો પ્રાપ્ત કરીશ. તને દાઢી ઉગે છે તેનું ભાન પડે છે પણ તારી જવાબદારીનું ભાન નથી પડતું એનું મને ભારે દુ:ખ છેપ !!!' નાથાલાલ આમ દાઢી જેવા વિષય પર બોલ્યા એનાથી નટુને ખોટું લાગ્યું પણ એને માટે આ અને આવા સામાજિક દુ:ખની બિલકુલ નવાઈ નથીપ નાથાલાલે પોતાના દીકરાની બોડી લેન્ગવેજ સમજવા મથવા લાગ્યા.

નાથાલાલે જોયું કે નટુ પોતાના પૂજ્ય પિતાશ્રી માટે જેટલું માન ધરાવતો હોવો જોઈએ એટલું માન ધરાવતો નથી. જવાબદારી નામનું ગભરું હરણ આમથી તેમ દોડી રહ્યું છે ત્યારે મૃગયા કરવા નીકળેલા રાજા જેવી હિંમત અને શૌર્યનો ભાવ મનમાં લાવી એ બોલ્યા, ' નટિયા !! શરમ આવવી જોઈએ તને ! હું જે રીતે આ સોસાયટીના મહાવિચિત્ર લોકો સાથે પનારો પાડી રહ્યો છું ત્યારે તારે મને પુછવું જોઈએપ તારી મા નથી અને. હજારો કામ હું અને દુર્ગા પાર પાડી રહ્યા છીએ, ત્યારે તારી પણ થોડી જવાબદારી બને છે." કોઈપણ પ્રકારની આગાહી વિના આવતા વરસાદની માફક બોલતા નાથાલાલનેજોઈ, સાંભળી નટુને આશ્ચર્ય સાથે ગુસ્સો આવતો હતો. પણ ત્યાં ખુબ ગર્જ્યા પછી બેઠીધારે વરસાદ પડે એમ નાથાલાલે કહ્યું, " જો, તારા લગન માટે ખુબ ખર્ચો થઈ રહ્યો છે, મારી ખર્ચ કરવાની મર્યાદા છે અને આ 'હાહરીના' સોસાયટીવાળા ખર્ચા કરાવ્યે જ જાય છે, હજી તો માંડવો બાંધવાનો છે, જમણવારનો મોટો ખર્ચો છે અને તારાં મારાં કપડાં એ તો બધું ખરું જ ! હું આટલા બધા ખર્ચા ક્યાંથી કાઢું ? " નાથાલાલ આંખો પહોળી કરીને બોલી રહ્યા હતા. એમના અવાજમાં જે કર્કશતા હતી એ બગડેલા ખટારામાં પેટ્રોલ થઈ રહે તોયે ડ્રાઈવર ચલાવતો હોય ત્યારે એના ચલાવવામાંથી જે અવાજ નીકળે એ પ્રકારનો અવાજ હતો. વરસાદ બંધ થઈ જાય અને નેવાં ટપકતાં હોય એવી મક્કમતા અને અનિશ્ચિતતા સાથે નાથાલાલે કહ્યું, 'અકાદ બે દિવસમાં બે-અઢી લાખ રુપિયાની વ્યવસ્થા કરી આપજે, નહીં તો મારે માટે તો આ પ્રસંગ કાઢવો મુશ્કેલ થશે." એમને બોલતા જોઈ બીજા રુમમાંથી દોંડતી અને હાંફળી-ફાંફળી થઈને દુર્ગા આવી પહોંચી. આગ લાગી હોય ત્યારે ફાયરબ્રિગેડવાળા જવાનો દોંડાદોંડી કરીને સ્થળ પર પહોંચી જાય અને ત્યાં જઈને સળગતા ઘર સામે જુએ એ રીતે આ બાપદિકરા સામે જોતી હતી. એની જે આંખ નટુને જોતી હતી એમાં હતાશા હતી અને જે આંખ નાથાલાલને જોતી હતી એમાં સહાનુભુતિ હતી. જેમ છાપાના તંત્રીઓને દેશમાં ચાલતા કોલ્ડ-વૉરની ખબર હોય એમ એને આ બાપ-દિકરા વચ્ચે ચાલતા ગજગ્રાહની અને કથળેલી નાણાંકીય સ્થિતિનો ખ્યાલ હતો જ.. એટલે છેલ્લા વાક્યથી જ ડોશીઓ ભજન ઉપાડી લેતી હોય એમ બોલી; "જો ભાઈ નટુ ! એમાં ખોટું નહીં લગાડવાનું ! બિચારા નાથાલાલ આ ઉંમરે ક્યાંથી પૈસા લાવે ! અને તમારી સોસાયટીવાળા તો લોહી પીવે એવા છે !! કાલે પે'લી ચીબાવલી જેવી ચાર્મી આવીને કહેતી હતી કે 'આન્ટી આવતા એકાદ બે દિવસમાં સોસાયટીની બધી લેડીઝને લઈને તમારે ત્યાં આવી જઈએ તો દિવસ પ્રમાણે 'ડ્રેસ-કોડ' નક્કી કરી લઈએ..! આ લોકો તો ખરા છે ! અને નાથાલાલ બહુ કંટાળેલા છે, એ તો ગાળો બોલે એ તો સમજી શકાય પણ કાલે સાંજે તું નહોતો ત્યારે તો આપઘાત કરવા સુધીની વાત બોલેલા, બોલ !!! "

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ત્રણ મિનિટ ખતરનાક શાંતિ વ્યાપી ગઈ. નટુ મનોમન લગ્ન માટે હા પાડવા માટે પસ્તાતો હતો. પછી પોતાને જ આશ્વાસન આપતો હોય એમ કહેતો; લગ્ન તો ઠીક છે ! પણ સાલું આવડો મોટો ખર્ચ... !! ' એકલો એકલો એ બબડતો બબડતો ઘરના બહારના કમ્પાઉન્ડમાં આવી ગયો..

નાથાલાલ સામે જોતો હતો, નાથાલાલ હીંચકે બેઠા હતા. નાથાલાલે લગ્નપ્રસંગ માટે વાળ કાળા કરાવ્યા હતા. નટુને એ કાળાવાળ એક કાળા વાદળ જેવા લાગ્યા. એને એમ થયું હું જ ભાગી જઉં. પણ પલ્લવી સાથે હવે તો મઝા આવે છે, એના મને એને આશ્વાસન આપ્યું ! એ કોઈ જોરથી ડફણું વાગી ગયું હોય અને ગધેડું હોંચી હોંચી કરે એવી રીતે બરાડવાનું મન થયું...

પે'લી તરફ સહાનુભૂતિના એટેકને સહન કરી શકવાને કારણ દુર્ગા ગરમ ગરમ ચા લઈને નાથાલાલને આપી રહી હતી. એની આવી વર્તણૂંક જોઈને નાથાલાલને દુર્ગા માટે રોજે રોજ વધતા જતા માનમાં અને પ્રેમમાં આજે પુષ્કળ વધારો થયો હતો.. એ એકીટસે દુર્ગાને જોયા કરતા હતા. આવી રીતે જોવાથી એમને રાહત મળતી હતી જેમ નજીક બેઠેલી સિંહણ તરફ સિંહ જુએ એવી રીતે આંખો ખંખેરતા હોય એમ એ જોયા કરતા, એમના ગુસ્સામાં ઘટાડો થતો હતો.

પણ બીજી તરફ નટુએ પલ્લવીને ફોન પર વાત કરીને ભાગી જવાનો પ્લાન કર્યો હતો અને એ પ્લાનને આખરી રૂપ આપવા સીસીડી તરફ જઈ રહ્યો હતો. આમ લગ્નના ઘરમાં કંકોતરીઓ લખવાની કે ખરીદીઓ કરવાની કે એવી કોઈ દોંડાદોંડીને બદલે ભાગંભાગી અને નવા અંકુરિત થયેલા અને ખુબ જ ઝડપે મોટા થતા પ્રેમની નાસભાગ જણાતી હતી.....

દુનિયાની સૌથી પહેલી પ્રેમકથા 'શિવ શક્તિ' - તપ, ત્યાગ અને તાંડવની કથાનો પ્રારંભ

દુનિયાની સૌથી પહેલી લવસ્ટોરી "શિવ શક્તિ"–તપ,ત્યાગ અને તાંડવની કથાનો પ્રારંભ કલર્સ ટી.વી પર રોજ રાત્રે આઠ વાગ્યે ગયા સોમવારે તા. ૧૯,જુન,૨૦૨૩થી થઈ ચૂક્યો છે. સનાતનીઓ ખાસ જુએ. નવી પેઢીને ખાસ બતાવે

સમગ્ર વિશ્વમાં આજે સનાતન ધર્મ અને સંસ્કૃતિ ચર્ચાનો વિષય બની છે. વિશ્વ આખુસનાતન પ્રત્યે આકર્ષાયું છે. કેમ કે દુનિયાનો સૌથી પ્રાચીન ધર્મ હોય તો એકમાત્ર સનાતન ધર્મ છે. હિંદુધર્મ છે. જેનો ઉલ્લેખ વેદોમાં પણ છે. પણ છેલ્લા બે ત્રણ દાયકાઓથી આ સનાતન ધર્મ, હિંદુ સંસ્કૃતિ, ધાર્મિક ભાવના બધુ જ ભૂલાતું જાય છે. અને પરિણામે વિધર્મીઓ આપણી ધાર્મિક અજ્ઞાનતાનો લાભ લઈને લવ જેહાદ કે ધર્મ પરિવર્તન કરાવવામાં સફળ બને છે. આપણે આધુનિકતાના નામે આપણી પરંપરા, સંસ્કૃતિ, સભ્યતાનો ત્યાગ કરતા ગયા. અને વિદેશીવસ્ત્રો, તહેવારો અને રીતિ પરંપરાને અપનાવતા ગયા. આપણે રોજ સવાર – સાંજ ઘરમાં દીવાબત્તી, આરતી, ભજન થતા તે બંધ થયું. મંદિરે જવાનું બંધ થયું. અને હવે પાછું સોશિયલ મીડિયા આવ્યું. આખો હિંદુ સનાતની સમાજ એ સોશિયલ મીડિયાની ગંદકીમાં ડૂબી ગયો. જો આપણે ઈચ્છતા હોઈએ કે આપણા સંતાનો સાચા સનાતની બને, હિંદુ સંસ્કૃતિને જાણે, પ્રમાણે, ભલે તેઓ વેદો કે શાસ્ત્રો કે ભાગવત ગીતા કે શિવપુરાણ જેવા ગ્રંથો ના વાંચે પણ આ બધાના વિકલ્પ રૂપે પાંચ દિવસથી ટીવી પર કલર્સ ચેનલ પર રાત્રે આઠથી એક નવી સિરીયલ શરું થઈ છે " શિવશક્તિ" તપ, ત્યાગ અને તાંડવની કથા. સંસારની સૌથી પહેલી પ્રેમકથા. પ્રેમ એટલે મિલન નહીં વિરહ પણ નહીં. પ્રેમ એટલે ત્યાગ, સમર્પણ અને કર્તવ્યની ભાવના લઈને આવતી આ શિવકથા આજની યુવા પેઢીએ ખાસ જોવાની જરૂર છે. કેમ કે આપણા શાસ્ત્રોમાં અને ખાસ કરીને બ્રહ્માંડની ઉત્પત્તિ અને પૃથ્વી ઉપર સંસારની ઉત્પત્તિની કથા આ સિરીયલ લઈને આવે છે. સોમવારે શરું થયેલી આ સિરીયલનો આરંભ શિવના તાંડવથી થાય છે. પછી પ્રવેશે છે શક્તિ. શિવ અને શક્તિ આ સંસારના સમસ્ત બ્રહ્માંડની ચેતના છે. ઊર્જા છે. શક્તિ એક સરસ સંવાદ બોલે છે " સૃષ્ટિ ઔર સમય કો સઁવારતે સ્વયમ બિખર જાના આવશ્યક હૈ ?" શિવ કહે છે " મિલકર બિછડ જાના યહી પ્રેમ કી પરિભાષા નહીં હૈ, ફિર સે મિલન કી પ્રતીક્ષા કરના ભી પ્રેમ કી પરિભાષા-આશા હૈ " આવા અદભુત સાહિત્યિક સંવાદો આ પૌરાણિક પાત્રોને નવી ગરિમા આપે છે. શિવ સૃષ્ટિના સર્જન માટે વિષ્ણુનું સર્જન કરે છે અને વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માજીનો જન્મ થાય છે. અને બ્રહ્માને શિવ પૃથ્વી ઉપર જીવસૃષ્ટિ રચવાનું કહે છે અને વિષ્ણુને એનું પાલનપોષણ સોંપે છે. બ્રહ્મા એના માનસપૂત્ર દક્ષ પ્રજાપતિને સૃષ્ટિ રચવાનું કાર્ય સોંપે છે. દક્ષ સૃષ્ટિ રચે છે. બ્રહ્માને અતિ જ્ઞાનને કારણે પાંચમુ મુખ આવે છે. ચંદ્ર દક્ષની દીકરી રોહિણીનો પતિ છે તેના ભ્રમણથી પૃથ્વી ઉપર જળસંચાલન થાય છે પરંતુ ચંદ્ર રોહિણી (નક્ષત્ર) સાથે જ સમય વિતાવે છે તેથી દક્ષ તેની બીજી ૨૬ પુત્રીઓ (નક્ષત્રો) સાથે ચંદ્રના વિવાહ કરવાનું કહે છે. આ તરફ બ્રહ્માના પાંચમા મુખ થકી પ્રવેશેલા અહંકારનો શિવ શિરચ્છેદ કરે છે દક્ષને આ પોતાના પિતાનું અપમાન લાગે છે. તેથી તે શિવનું સતત અપમાન કરે છે. કેમ કે તે બ્રહ્માનું અપમાન એ દેવલોકનું સૌથી મોટું કલંક માને છે. તેથી તે પોતાના રાજ્યમાં શિવપુજા પર પ્રતિબંધ લગાવે છે. શ્મશાનમાં જઈને શિવને પડકારે છે. બીજી તરફ અસૂર દૈત્યમાતા દીતિનો સ્વર્ગ પર કબજો લેવાનો સંઘર્ષ, છળ, ઈંદ્ર અને ચંદ્ર દ્વારા દીતિના ગર્ભના સંતાનોની હત્યા... આ બધી કથા રસ, રહસ્ય અને શૃંગારથી ભરપુર છે. આ સિરીયલના થોડા વધુ સંવાદો જોઈએ તો

શક્તિ – મિલન કે લિએ આરંભ જરૂરી નહીં હૈ, કભી કભી વિધ્વંશ ભી મિલન કા ઉદ્દેશ્ય બન શકતા હૈ ?

શિવ – તુમ્હે શ્મશાન મેં જીવન કા અંત દીખતા હૈ, મુજે મૂક્તિ કા આરંભ

દક્ષ પ્રજાપતિને વિષ્ણુ દ્વારા ખબર પડે છે કે શિવ શક્તિ વિના અધૂરા છે. શક્તિહીન છે તો દક્ષ દેવી શક્તિની ઘોર તપસ્યા કરીને એમને પ્રસન્ન કરીને પોતાને ઘેર પુત્રી બનીને અવતરવાનું વરદાન માંગે છે. દેવી શક્તિ વરદાન તો આપે છે પણ એક શર્ત રાખે છે કે જ્યારે મારા સ્ત્રીત્વનું અપમાન થશે એટલે હું પ્રાણ ત્યાગ કરીને ચાલી જઈશ. દક્ષ એ શર્ત સ્વીકારે છે. દક્ષના ઘેર શક્તિનો જન્મ થાય છે. નામ દક્ષાયણી – સતી રાખવામાં આવે છે. દક્ષ નાનપણથી સતીના માનસમાં શિવ પ્રત્યે નફરત ભરે છે. બીજી તરફ દક્ષના રાજ્યમાં શિવપૂજા પર પ્રતિબંધ છે તેથી નંદી નામનો એક બાળક ૧૦૦૮ શિવલીંગને લઈ આવીને પોતાના પિતાના આશ્રમમાં સુરક્ષિત જગ્યાએ રાખે છે. સતી સાથે એનો સંવાદ રચાય છે. દક્ષ ને જાણ થાય છે. શિવ આવીને નંદીને પોતાની સાથે કૈલાસ લઈ જાય છે. અને નંદીના આશ્રમે પોતાનું ત્રિશુળ સ્થાપિત કરી જાય છે. સતી એ ત્રિશુળને ઉખાડવા મથે છે પણ નથી ઉંચકી શકાતું. સમય વહે છે સતી યુવાન બને છે એ શિવ સ્થાપિત ત્રિશુળ હાથમાં લઈને શિવને જ પડકારે છે, લલકારે છે. પણ આ શત્રુતાની લલકારમાં પણ પ્રેમ છે. કર્મને આધીન દેવી દેવતાઓ પણ છે. ટૂંકમાં હજી પાંચ જ દિવસ ગયા છે.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ધાર્મિક સિરીયલો બહું બની છે. શિવ પાર્વતી, દેવો કે દેવ મહાદેવ જેવી અગાઉ અનેક સિરીયલો પ્રસારિત થઈ ગઈ છે. પણ આ સિરીયલના ભવ્ય સેટ, ડ્રેસિંગ, લાઈટ ઈફેક્ટ, કેમેરાના એંગલો અને દિગ્દર્શન બધુ જ ઉત્તમ કોટીનું અત્યારે દેખાય છે. એ પણ નોંધી શકાય છે આ કથાનું સર્જન કરતા પહેલા એના સંવાદ લેખકોએ શાસ્ત્રોનો, શિવપુરાણોનો ઊંડો અભ્યાસ કર્યો હોય એની પ્રતીતિ થાય છે. શિવની કઠોરતાની સાથે સાથે શિવ શક્તિની કોમળ સંવેદનાને પણ કાવ્યાત્મક રીતે પ્રસ્તુત કરી છે. વળી ઈશ્વરના અવતારોમાં આજસુધી મોટેભાગે આપણને કૃષ